# મેં ગંદેવીનો ગલો



સતીશ વ્યાસ

SCHOOL OF LANGUAGES,
GUJARAT UNIVERSITY

VYAS, SATISH
MAIN GANDEVINO GALO
(Two-act play)
2nd, Ed., – ARUNODAY PRAKASHAN
Ahmedabad – 380 001
June, 2016

ISBN No. : 978-93-80468-94-5

© Rucha Shah (2016)
B-103, Palak Enclave, Jodhpur Gam,
Ahmedabad- 380 015
079-26923302

**આયોજન :** મહેન્દ્ર સી. શાહ

**પ્રકાશક**
ચંદ્રમૌલિ એમ. શાહ
**અરુણોદય પ્રકાશન**
૨૦૨, હર્ષ કોમ્પ્લેક્સ
ખત્રીપોળ, પાડાપોળ સામે
ગાંધી રોડ
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

**પ્રથમ આવૃત્તિ :** જાન્યુઆરી, ૨૦૧૫
**બીજી આવૃત્તિ :** જૂન, ૨૦૧૬

**પૃષ્ઠ :** ૬ + ૯૦ = ૯૬

**મૂલ્ય :** ₹ ૮૫-૦૦

**મુદ્રક :**
ચંદ્રિકા પ્રિન્ટરી
મીરઝાપુર રોડ
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

# દક્ષિણ ગુજરાતની લોકબોલીનું નાટક

ડૉ. ચીમનલાલ બી. કોળી

અત્યારના સમયમાં ગુજરાતી નાટ્યસાહિત્યસ્વરૂપમાં નામાંકિત નાટ્યકારોમાં નાટ્યકાર સતીશ વ્યાસનું નામ આપણે મૂકવું જ પડે. ગુજરાતી નાટ્યસાહિત્યક્ષેત્રમાં એમના દ્વારા આપણને બે એકાંકી સંગ્રહો જેવા કે 'નો પાર્કિંગ' અને 'તીડ' તેમ જ સાત જેટલાં દીર્ઘ નાટકો મળે છે. નાટકોમાં 'પશુપતિ', 'જળને પડદે', 'કામરુ', 'અંગુલિમાલ', 'ધૂળનો સૂરજ', 'અમે અહીંથી નહીં જઈએ' અને છેલ્લું નાટક 'મેં ગંદેવીનો ગલો' જેવાં નાટકો મળેછે. દીર્ઘ નાટકોમાં 'જળને પડદે' અને 'ધૂળનો સૂરજ' આ બંને નાટકો જીવનચરિત્રાત્મક એટલે કે સાહિત્યકારોના જીવન પર આધારિત છે. જ્યારે બાકીનાં નાટકો સામાજિક ધોરણે સમાજમાં ઊભી થતી પરિસ્થિતિઓ અને વિટંબણાઓને કેન્દ્રમાં રાખી સર્જાયેલા નાટકો છે. આ ઉપરાંત પણ આ સર્જક પાસેથી નાટ્યસાહિત્ય સ્વરૂપ અંગેના વિવેચનના કેટલાક ગ્રંથો મળે છે, જેવા કે 'આધુનિક એકાંકી', 'નૂતન નાટ્ય આલેખો' અને 'ગુજરાતી નાટક' સર્જકની રગેરગમાં નાટકના સંવાદો ભરેલા હોય એવું આપણને અનુભવાય છે. નાટકનો અભિનય હોય કે દિગ્દર્શન કે પછી નિર્ણાયક ભૂમિકા બધું જ એમની પાસેથી આપણને મળી રહે છે. લેખક પાસેથી મળેલાં સાતેક જેટલાં દીર્ઘ નાટકોમાંનું એક નાટક 'મેં ગંદેવીનો ગલો'. સમગ્ર નાટક દક્ષિણ ગુજરાતની લોકબોલીમાં આપણને અર્પણ કર્યું છે, એ જ નાટ્યકારની મોટી વિશેષતા છે. અત્યાર સુધીમાં જુદાં જુદાં સાહિત્યસ્વરૂપોમાં બોલીપ્રયોગનો વિનિયોગ થયેલો જોવા મળે છે, એવી જૂજ કૃતિઓ લોકબોલીમાં રજૂ થયેલી છે તેમાં આ કૃતિનો ઉલ્લેખ કરવો જ રહ્યો. આ સર્જકની સિદ્ધિ જ નહીં બલકે સમકાલીન નાટ્યસાહિત્યમાં મોટી વિશેષતા છે.

સર્જક 'મેં ગંદેવીનો ગલો' નાટકની પ્રસ્તાવનામાં નોંધે છે કે, 'ઘણા સમયથી સુરતી બોલીનું એક નાટક મનમાં ઘૂમરાયા કરતું હતું. હું માત્ર સુરતી બોલતો હતો એટલું જ નથી, સુરતી જીવ્યો છું. રગેરગે વ્યાપ્ત છે એ બોલી - ગઈ કાલથી આજ